For Salma Madam

રાજય સરકારના ઈ-ગવર્નન્સની નીતિ અંગે વર્ગ-૧ થી વર્ગ-૩ ના સીધી ભરતી, તેમજ બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા અંગે

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૩-૬૭૨(૧)-ગ-૩
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૧-૮-૨૦૦૩

**પરિપત્ર :**

રાજય સરકારના ઈ-ગવર્નન્સની નીતિ અંગે વર્ગ-૧ થી વર્ગ-૩ ના સીધી ભરતી, તેમજ બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા અંગે આ વિભાગના સરખા ક્રમાંકના તા. ૧૧-૮-૨૦૦૩ ના પત્રથી દરેક વિભાગને જણાવવામાં આવેલ છે. આ સંબંધમાં નીચે મુજબની કાર્યપદ્ધતિ આથી નક્કી કરવામાં આવે છે.

સીધી ભરતી.

(૧) સીધી ભરતીના કિસ્સામાં નિયત શૈક્ષણિક લાયકાત ઉપરાંત કોમ્પ્યુટરની જાણકારી Department of Electronics Accreditation (DOEACC) Society ના Course on Computer Concepts (CCC) કક્ષાની અથવા રાજય સરકાર વખતોવખત નક્કી કરે તે કક્ષાની રહેશે.

(૨) ઉમેદવારની સીધી ભરતીની પસંદગી પામવા માટેની કોમ્પ્યુટરની જાણકારી માટે રાજય સરકારની નિયત કરવામાં આવેલ ઉપર ક્રમાંક (૧) માં જણાવેલ કક્ષાની પરીક્ષા ઔદ્યોગિક તાલીમ સંસ્થા/સ્પીપા અથવા રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવે તેવી સંસ્થામાં પાસ કરવાની રહેશે.

(૩) આ પરીક્ષા લેખિત તેમજ પ્રાયોગિક એમ બે ભાગમાં લેવાની રહેશે. લેખિત પરીક્ષા ઓનલાઈન લઈ શકાશે. લેખિત પરીક્ષા ઓનલાઈન લેવા અંગે તેમજ પ્રાયોગિક પરીક્ષા અંગે દરેક જિલ્લા મથકની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે જરૂરી માળખાકીય સવલતો ઉપલબ્ધ છે.

(૪) આ લેખિત અને પ્રાયોગિક બન્ને પરીક્ષા પચાસ-પચાસ ગુણની રહેશે અને ઉત્તીર્ણ થવા માટે દરેકમાં ઓછામાં ઓછા ૩૦-૩૦ ગુણ મેળવવાના રહેશે.

બઢતી માટે

૧) રાજય સરકારની સેવામાં ચાલુ હોય તેવા અધિકારીઓ/કર્મચારીઓએ બઢતી મેળવવા માટે Department of Electronics Accreditation (DOEACC) Society ના Course on Computer Concepts (CCC) કક્ષાની અથવા રાજય સરકાર વખતોવખત નક્કી કરે તે મુજબની પરીક્ષા ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સ્પીપા કે રાજય સરકાર નક્કી કરે તેવી સંસ્થાઓ મારફતે પાસ કરવાની રહેશે. બઢતી પૂર્વે આવી પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ તે મુજબની જોગવાઈ બે વર્ષ બાદ એટલે કે તા. ૧-૭-૨૦૦૫ થી લાગુ કરવાની રહેશે.

૨) વર્ગ-૪ માંથી વર્ગ-૩ સંવર્ગમાં બઢતી મેળવવા સંબંધિત કર્મચારીએ આ પરીક્ષા પાસ કરવાની રહેશે.

From: Vijay Computer Academy
Vadodara

